મોદીએ ગુજરાતને દંગારાજથી મુક્ત કરાવ્યું હતું : અમિત શાહ

અમિત શાહે સરકારની સિદ્ધિઓ રજૂ કરી : સુરત અગ્નિકાંડ ઘટનાને યાદ કરીને સંવેદના વ્યક્ત કરી

અમદાવાદ, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે પાર્ટી પ્રમુખ અમિત શાહ પણ વતન રાજ્ય ગુજરાત પહોંચ્યા હતા. અમિત શાહે ખાનપુરમાં ભાજપ કાર્યાલય ખાતે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, દંગારાજનો અંત લાવવામાં આવી ચુક્યો છે. બંગાળ સુધી અવાજ જાય તે રીતે પ્રચંડ અવાજ સાથે જયઘોષ કરવા લોકોને અપીલ કરી હતી. અમદાવાદમાં ખાનપુરમાં એજ કચેરી છે જ્યાં પ્રથમ વખત ભાજપ દ્વારા સ્થાનિક ચૂંટણી જીતવામાં આવી હતી અને નરેન્દ્ર મોદી અહીં આવ્યા હતા. મોદીએ અહીંથી જ તેમની યાત્રા શરૂ કરી હતી. અમિત શાહે સુરત અગ્નિકાંડમાં માર્યા ગયેલા બાળકોના પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. અમિત શાહે કહ્યું હતું કે, મોદીએ ગુજરાતમાં રમખાણોથી રાજ્યને મુક્ત કરાવ્યું હતું. તે પહેલા ગુજરાતમાં જળસંકટની પણ સ્થિતિ રહી હતી. જળસંકટને પણ ઉકેલવામાં ત્યારબાદ સફળતા મળી હતી. કોઇ સમયે ગુજરાતમાં લોકોને માર્ગોમાં નિકળવામાં ભય લાગતો હતો પરંતુ મોદીએ ગુજરાતમાં ચારેબાજુ સુંદર રસ્તા બનાવ્યા હતા. મહિલાઓ માટે શૌચાલયની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉજ્જવલા યોજના સુરતની ઘટના બની ત્યારથી જ તેઓ પોતે પણ આ ઘટનાને લઇને સંપર્કમાં હતા. વિજય ઉત્સવમાં ભાગ લેવો જોઇએ કે કેમ તેને લઇને પણ પોતે પણ દુવિધામાં હતા. કારણ કે, સુરત અગ્નિકાંડની ઘટનાથી ભારે દુવિધાભરી સ્થિતિ ઉભી થઇ ગઈ હતી. એકબાજુ જવાબદારી અને બીજી બાજુ કર્તવ્યની બાબત રહેલી હતી. તેમણે ઉમેર્યું હતું કે, આ ઘટના બાદ આઘાતમાં ગરકાવ રહેલા પરિવારોને ભગવાન શક્તિ આપે તેવી તેઓ પ્રાર્થના કરે છે. અન્ય મુદ્દા ઉપર વાત કરતા મોદીએ કહ્યું હતું કે, છઠ્ઠા તબક્કાના મતદાન બાદ જ્યારે તેઓએ પોતે કહ્યું હતું કે, અમને ૩૦૦થી વધારે સીટો મળી રહી છે. આવા નિવેદન બાદ તેમની મઝાક કરવામાં આવી હતી. પરિણામ હવે તમામની સામે છે. આટલો મોટો જનાદેશ ઐતિહાસિક છે.

લોકો નક્કી કરીને બેઠા હતા કે, ફરીથી મજબૂત સરકાર તેઓ ઇચ્છે છે. ૨૦૧૪ની ચૂંટણીમાં ભારતના લોકોને ગુજરાતના વિકાસ અંગે માહિતી હતી. તેઓ ગુજરાતના લોકોના દર્શન માટે અહીં આવ્યા છે. રાજ્યના નાગરિકોના આશીર્વાદ તેમના માટે હંમેશા મહત્વપૂર્ણ રહ્યા છે. મોદીએ અન્ય મુદ્દા ઉપર પણ વાત કરી હતી. આવનાર પાંચ વર્ષ જનભાગીદારી અને જનચેતના માટેના રહેનાર છે. સોશિયલ મિડિયા ઉપર ફરતા થયેલા એક વિડિયોનો પણ ઉલ્લેખ કર્યો હતો જેમાં આ મહિલા મોદી મોદી કહેતા નજરે પડે છે. આ મહિલાએ ગુજરાતના વિકાસની વાત પણ કરી હતી જેનાથી લોકોને ગુજરાત અંગે વધુ જાણવા મળ્યું હતું. મોદીએ દાવો કર્યો હતો કે,

મોદી-શાહનો વિજય ઉત્સવ ખુબ સાદગીપૂર્ણ મનાવાયો

કોઇ આતશબાજી, ટોલ-નગારાના અવાજ નહી : ખાનપુરમાં ભાજપ કાર્યાલયની પાસે મોદીની જનસભામાં હજારોની જનમેદની ઉમટી : કાર્યકરો દ્વારા મોદીના નારા

અમદાવાદ, તા.૨૬

દેશમાં સતત બીજી વખત જંગી બહુમતી મેળવી ભાજપની સરકાર બનાવનાર વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે સાંજે ગુજરાતની મુલાકાતે આવી પહોંચ્યા હતા. સાંજે ખાનપુર ભાજપ કાર્યાલય પાસે જનસભા સંબોધન દરમ્યાન તેમણે અમદાવાદ, ગુજરાત સહિત દેશભરની જનતાનો આભાર માન્યો હતો. જો કે, સુરતના ગોઝારા આગકાંડને લઇ મોદી અને અમિત શાહના સ્વાગતથી માંડી ભાજપની ઐતિહાસિક જીતના વિજયોત્સવ અને ઉજવણીને એકદમ સાદગીપૂર્ણ અને સામાન્ય રખાઇ હતી. કોઇ આતશબાજી, અબીલ-ગુલાલની છોળો કે ઢોલ-નગારા કે ત્રાંસા, શંખનો અવાજ કે શોરબકોર કરવામાં આવ્યા ન હતા. બહુ શાંતિપૂર્ણ અને સાદગીપૂર્ણ વાતાવરણ સાથે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો હતો અને આમ કરી ભાજપે મૃતકોના મોતનો મલાજો જાળવવાનો પ્રયાસ કર્યો હતો. વડાપ્રધાન મોદી ખાદીના સફેદ કુર્તા-પાયજામાં વિશેષ ધ્યાન ખેંચતા હતા. એરપોર્ટથી ખાનપુર સુધીનો મોદીનો કાફલો સાદગીપૂર્ણ અને શાંત વાતાવરણ વચ્ચે જ પસાર થયો હતો, જે પણ નોંધનીય બની રહ્યું હતું. હવે તા.૩૦મીએ બીજી વખત વડાપ્રધાન તરીકેના શપથ ગ્રહણ કરતા પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માતા હીરાબાના આશીર્વાદ લેવા પણ પહોંચ્યા હતા. ગુજરાત આવી રહેલા મોદી અને અમિત શાહનું પ્રદેશ ભાજપ દ્વારા સાદગીપૂર્ણ સ્વાગત કરાયું હતું. સુરત આગકાંડના શોકને લઇ અમદાવાદમાં ખાનપુર જે.પી.ચોક ખાતેના ઐતિહાસિક ભાજપ કાર્યલય ખાતે ભવ્ય વિજયોત્સવ મનાવવાનું ટાળી સાદગીપૂર્ણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. એટલું જ નહી, અમદાવાદ એરપોર્ટથી ભાજપ કાર્યાલય સુધી

વિજયોત્સવ અને વિજયી સરઘસ કાઢવાનું પણ મોકૂફ રાખવામાં આવ્યું હતું અને સાદગીપૂર્ણ યાત્રા કરી દેવાઇ હતી. ચૂંટણી પરિણામો બાદ મોદી પ્રથમ વખત ગુજરાત આવ્યા હોઇ ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ સ્પષ્ટ જણાતો હતો. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ તેમની સાથે જ આવ્યા હતા. બંને મહાનુભાવો અમદાવાદ એરપોર્ટ આવી પહોંચ્યા બાદ સરદાર પટેલની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરી હતી. રાજયપાલ ઓ.પી.કોહલી, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રદેશ પ્રમુખ જીતુ વાઘાણી, મેયર બીજલબહેન પટેલ સહિતના મહાનુભાવો દ્વારા એરપોર્ટ ઉપર નરેન્દ્ર મોદીનું સ્વાગત કરાયુ હતુ.

મોડાસાના દધાલિયા ગામ નજીક ખુલ્લા ખેતરમાં

ગાંડા બાવળની ઝાડીમાંથી ૫૦ વર્ષીય મહિલાની મૃતદેહ મળતા ચકચાર

મોડાસા, તા. ૨૬

મોડાસા તાલુકાના દધાલિયા ગામ નજીક આવેલા ખુલ્લા ખેતરમાં આવેલી બાવળની ઝાડીમાં ૫૦ વર્ષીય મહિલાનો મૃતદેહ પડ્યો હોવાની વાત વાયુ વેગે પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા. દધાલિયા ગામના સરપંચે મોડાસા રૂરલ પોલીસને જાણ કરતા તાબડતોડ મોડાસા રૂરલ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતક મહિલાના મૃતદેહનો કબ્જો મેળવી મૃતક મહિલાની ઓળખ માટે કાર્યવાહી હાથ ધરી હતી. ૫૦ વર્ષીય મહિલાનો મૃતદેહ જે જગ્યાએથી મળી આવેલ છે તે વિસ્તારમાં ખેત મજૂરોની સતત અવર-જવર હોવા છતાં કોઈ પણ વ્યક્તિનું ધ્યાન કેમ ના ગયું સહિતની મહિલાના મૃતદેહ અંગે તરહ તરહની ચર્ચાએ જોર પકડ્યું હતું.

દધાલિયા ગામની સીમમાં પ્રતાપસિંહ હિંમતસિંહ બિહોલાના ખુલ્લા ખેતરમાં ગાંડા બાવળની ઝાડીમાં ૫૦ વર્ષીય આધેડ મહિલાનો મૃતદેહ હોવાની માહિતી દધાલિયાના સરપંચ ભાનુભાઈ પંડ્યાને થતા ઘટનાસ્થળે પહોંચી મોડાસા રૂરલ પોલીસને કરતા પોલીસે મહિલાના મૃતદેહને કબ્જે લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી મહિલાની ઓળખ અને મહિલાના પરિવારજનોની શોધખોળ હાથ ધરી હતી.

શનિવારે સાંજના સુમારે, દધાલિયા સીમમાં ખેતરની ઝાડીમાંથી ૫૦ વર્ષીય મહિલાનો મૃતદેહ પડ્યો હોવાની વાત ગામમાં અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારમાં વાયુવેગે પ્રસરતા લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા અને મહિલાની સાથે કોઈ અઘટિત કૃત્ય આચાર્યા પછી મહિલાને મોતને ઘાટ તો નહિ ઉતારવામાં આવી હોય ને ..? મહિલાનો મૃતદેહ કેટલા દિવસથી પડી હતી..? મહિલાનું કુદરતી મોત કે હત્યા કે પછી આત્મહત્યા સહીતની ચર્ચાએ જોર પકડ્યું છે.

બનાસકાંઠાનું ધોરણ ૧૨નું ૭૯.૩૯ ટકા પરિણામ

એ-૧ ગ્રેડમાં ૭ વિદ્યાર્થી આવ્યા, વહેલી સવારે છાત્રોએ મોબાઈલ ઉપર એકબીજાને પરિણામની જાણ કરી

પાલનપુર

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધોરણ૧૨ની પરીક્ષાનું પરિણામ શનિવારે જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં બનાસકાંઠા જિલ્લાનું પરિણામ ૭૯.૩૯ ટકા રહ્યું હતું. સમગ્ર જિલ્લામાં માત્ર ૭ છાત્રએ એ-૧ ગ્રેડ પ્રાપ્ત કર્યો છે. રાજ્યમાં જિલ્લો ૧૨ ક્રમે રહ્યો છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા માર્ચ ૨૦૧૯માં લેવાયેલી ધોરણ ૧૨ની પરીક્ષાનું પરિણામ શનિવારે સવારે વેબસાઈટ ઉપર જાહેર કરાયું હતુ. જ્યાં છાત્રોએ એકબીજાને મોબાઈલ ઉપર પરિણામની જાણ કરી નેટ ઉપર જ પરિણામ જોયું હતુ. આ અંગે બનાસકાંઠા જિલ્લા શિક્ષણાધિકારીએ જણાવ્યું હતું કે, જિલ્લાનું પરિણામ ૭૯.૩૯ ટકા રહ્યું હતું. જેની સાથે જિલ્લો સમગ્ર રાજ્યમાં ૧૨માં ક્રમે રહ્યો છે. જેમાં જિલ્લાનું સૌથી વધુ પાંથાવાડા કેન્દ્ર નું ૯૧.૦૫ ટકા જ્યારે સૌથી ઓછું સરદાર કૃષિનગર કેન્દ્રનું ૭૦.૨૮ ટકા પરિણામ રહ્યું છે.

છાપી હાઈવે પર પાર્કિંગ મુદ્દે લઘુમતી સમાજના બે જૂથો બાખડતાં વાતાવરણ તંગ

બનાસકાંઠા જિલ્લાના છાપી હાઈવે પર આજે પાર્કિંગ મુદ્દે બોલાચાલી થતાં લઘુમતી સમાજના બે જૂથો બાખડી પડ્યા હતા અને

પોલીસ ઘટના સ્થળે પહોંચી વાતાવરણ ડહોળાય નહીં તે માટે કાર્યવાહી હાથ ધરી

મારામારી શરૂ થઈ જતાં પોલીસે ઘટનાસ્થળે દોડી જઈ મામલો થાળે પડ્યો હતો.

ઉપરોક્ત બનાવ અંગે સૂત્રો દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લાના વડગામ તાલુકાના છાપી હાઈવે પર આજે બનેલી આ ઘટનાની વિગત એવી છે કે પાર્કિંગના મુદ્દે એક જ સમુદાયના બે જૂથો વચ્ચે બોલાચાલી થયા બાદ અચાનક મામલો બિચકતા મારામારી શરૂ થઈ ગઈ હતી. +

બનાવ અંગે જાણ થતાં જિલ્લાની પોલીસ પણ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને બે જૂથોને સમજાવી મામલો થાળે પાડવાના પ્રયત્નો શરૂ કર્યા હતા. આમ લઘુમતી સમાજના બે જૂથો પાર્કિંગના મુદ્દે બાખડતાં વાતાવરણ તંગ બન્યું છે ત્યારે પોલીસ દ્વારા વાતાવરણ વધુ ના બગડે તે માટે પ્રયત્નો હાથ ધર્યા હતા અને છાપી પોલીસ દ્વારા રાયોટીગ નો ગુનો દાખલ કરી ને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે

પાલનપુરમાં રીક્ષા ચાલકે દાગીના- રોકડ રકમ ભરેલો થેલો મુળ માલિકને પરત આપ્યો

પાલનપુર

આજના હળાહળ કળિયુગમાં ચોરી લૂંટની ઘટનાઓ દિવસે દિવસે વધી રહી છે. ત્યારે એવા પણ વ્યક્તિઓ મોજુદ છે. જેઓ પોતાની પ્રમાણિકતાની મિસાલ પુરી પાડી રહ્યા છે. જ્યાં પાલનપુરમાં એક રીક્ષા ચાલકે પોતાની રિક્ષામાં ભૂલી ગયેલો રોકડ રકમ અને કિંમતી દાગીના ભરેલો થેલો તેના મૂળ માલિકને પરત આપી પ્રમાણિકતાની સાથે કોમી એખલાસની ભાવના પણ ઉજાગર કરી હતી. આ અંગે પ્રાપ્ત થતી માહિતી મુજબ દાંતાના અબ્દુલ રજાકભાઈ મેમણ પાલનપુર આવ્યા હતા. જેઓ હાઈવે જવા માટે સિટીલાઈટથી રીક્ષા નંબર જી.જે.૦૮. એ.ટી.૮૯૧૯માં બેઠા હતા. જોકે, પોતાનો થેલો કે જેમાં રોકડ રકમ અને કિંમતી દાગીના ભરેલા હતા તે રિક્ષામાં જ ભૂલી ગયા હતા. દરમિયાન રીક્ષા ચાલક વીરમપુરના લાલાભાઈ વીરાભાઈ રબારીને આ થેલો રિક્ષામાં પડેલો મળી આવ્યો હતો. આથી તેઓ હાઈવે પોલીસ ચોકીએ જઈ અબ્દુલભાઈને ત્યાં રૂબરૂ બોલાવી થેલો પરત કર્યો હતો. અબ્દુલભાઈએ જણાવ્યું હતું કે, આવા નેક ઈન્સાનોના કારણે જ આ દુનિયા ચાલી રહી છે.

સુધારા સાથે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તેમણે જણાવ્યુ હતુ કે સુરતની આ ઘટનાને પગલે બે ફાયર ઓફિસરોને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

આ ઘટના સંદર્ભે એકની ધરપકડ કરવામાં આવી છે તેમજ જે બે લોકો નાસતા ફરી રહ્યા છે તેમને ટુંકમાં જ પકડી પાડવામાં સુરત પોલીસને સફળતા મળશે તેવો વિશ્વાસ સુરત પોલીસ કમિશ્નરે તેમની સાથે થયેલી વાતચીતમાં વ્યક્ત કર્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે આ ઘટનાએ સમગ્ર તંત્રને ચોંકાવી દીધુ છે ખુબ જ દર્દનાક ઘટના હોઈ તંત્ર પણ હવે ફાયરસેફ્ટી એક્ટના અમલ અંગે કોઈ જ પ્રકારની કચાશ છોડશે નહિ. ડૉ. સિંઘે જણાવ્યું કે રાજ્યની તમામ મનપા વિસ્તારો, નગરપાલિકા વિસ્તારો તેમજ ગ્રામ્ય સ્તરે ૭૧૩ જેટલી ટીમો દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

આ ટીમોમાં ૨૦૫૫ જેટલા કર્મચારીઓ-અધિકારીઓ જોડાયેલા છે. આ ટીમો દ્વારા ૯૯૬૨ સંકુલોની તપાસ કરવામાં આવી છે. જે પૈકી ૯૩૯૫ સંકુલોને નોટીસ આપવામાં આવી છે. ૩૦૦થી વધુ સંકુલોને સીલ કરવામાં આવી છે. બહુમાળી બિલ્ડીંગોમાં ટેરેસ બનાવવામાં આવ્યા છે તેની પણ તપાસ કરવામાં આવશે.

પત્રકારોના પ્રશ્નોના ઉત્તરમાં ડૉ. સિંઘે જણાવ્યુ હતુ કે ફાયર સર્વિસને સઘન બનાવવા, કેટલી ઘટ છે તે બધી જ બાબતો અંગે કાલની બેઠકમાં ચર્ચા થશે. કયા પ્રકારના સાધનોની ઘટ છે તે બાબત પણ તેમાં સમાવિષ્ટ થઈ જાય છે.

તેમણે જણાવ્યુ હતુ કે સુરતની ઘટના અંગેનો રિપોર્ટ કાલે સરકારને મળી ગયા બાદ તેની વિગતો પત્રકારોને પણ આપવામાં આવશે. આ ઘટના અંગે મુખ્યમંત્રી સહિત સમગ્ર તંત્ર ચિંતાતુર છે. જોકે આગામી દિવસોમાં ફાયર સેફ્ટીની નીતિના અમલીકરણમાં કોઈ જ કચાશ રખાશે નહિ.

ગણતરીમાં...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભિક્ષુકવૃત્તિ જ કરે છે તેમની સુધારણા કરવી જરૂરી છે. સરકારી તંત્ર અને સ્વૈચ્છિક સંગઠનોએ આ બાબતે સહિયારા પ્રયાસો કરવા જોઈએ.

બાળકો, અશક્ત-દિવ્યાંગ અને વુધ્ધ વડીલો સિવાયના કામ કરી શકવા સક્ષમ નાગરિકોને જો મહેનત મજૂરી સાથેના કામમાં જોડવામાં આવે તો જ આપણે વિકાસ કરી શકીએ. બધુ સરકાર જ કરે એ માનસિકતા આપણે બદલવી પડશે. અને સાથોસાથ ખોટી ભિક્ષાવૃત્તિ કરનારાઓને દયા, દાન કે મદદ થવાની ભાવના બાજુ પર રાખીને પણ સક્ષમ વ્યક્તિઓને માગવા કરતા મજૂરી સારી એ સમજાવશું તો જ ભારતનો વિકાસ આપણે કરી શકીશું. દાન ધર્મ તો ભીખ આપ્યાં સિવાય પણ કરી શકાય,એના અનેક વિકલ્પો છે.

માહિતી નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

શિક્ષણ તંત્ર પણ જિલ્લામાં ધમધમતા ટયુશનના વર્ગોની ચોકક્સ માહીતી થી અજાણ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. જયારે ગાંધીનગર તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારમાં ગેરકાયદેસર હોસ્ટેલો ધમધમતી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. તે અંગે પણ તંત્ર અજાણ છે. વર્ષોથી ટયુશન કલાસીસ તેમજ ટયુશનિયા શિક્ષકોના મામલે તંત્ર કક્ષાએ કોઈ આકસ્મિક તપાસ કરવામાં ન આવી હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. ત્યારે ફાયર સેફટીના મામલે સફાળા જાગેલા વહીવટી તંત્રએ આ મામલે ઘણુ હોમવર્ક કરવાની અનિવાર્યતા છે. ટયુશન કલાસીસની જ પુરતી વિગતો નથી ત્યારે ફાયર સેફટીના પરિબળો ચકાસવાનુ અભિયાન ચોક્કસ અપુર્ણ રહેશે તેવો પણ સુર ઉઠવા પામ્યો છે.

શપથવિધિ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ સહિત જુદા જુદા રાજ્યોના મુખ્યમંત્રી પણ ઉપસ્થિત રહ્યા હતા. રાષ્ટ્રગીત બાદ ભાજપ પ્રમુખ અમિત શાહે ભાજપ સંસદીય પક્ષના નેતા તરીકે નરેન્દ્ર મોદીના નામનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો ત્યારબાદ તમામ સભ્યોએ તેનું સ્વાગત કર્યું હતું. પ્રસ્તાવને ભાજપના પૂર્વ અધ્યક્ષ રાજનાથસિંહ અને નીતિન ગડકરીએ ટેકો આપ્યો હતો. ત્યારબાદ ભાજપના તમામ ચૂંટાયેલા સંસદ સભ્યોએ હાથ ઉઠાવીને મોદીના નારા વચ્ચે પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું.

રેડ્ડીનું આમંત્રણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિચારણા કરવા જગને અપીલ કરી હતી. સાથે સાથે લોકસભાની ચૂંટણીમાં જોરદાર જીત મેળવવા બદલ મોદીને શુભેચ્છા પાઠવી હતી. મોદીએ પણ જગન મોહનને વળતી શુભેચ્છા આપી હતી. હાલમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં જગન મોહને ઉલ્લેખનીય સફળતા મેળવી હતી. જગન મોહન મોદી માટે ખાસ સૌલ અને તિરુપતિ બાલાજીના ફોટાની ભેંટ આપી હતી. મોદીને મળ્યા બાદ જગન મોહન ભાજપ અધ્યક્ષ અમિત શાહને મળવા માટે પણ પહોંચ્યા હતા.

કેરળમાં...

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેરળના દરિયાકાંઠાના વિસ્તારોમાં સાવચેતીના પગરુપે હાઈએલર્ટની જાહેરાત કરવામાં આવી છે અને સુરક્ષા વ્યવસ્થા પણ ખુબ જ મજબૂત કરી દેવામાં આવી છે. હાલમાં એવું પણ જાણવા મળ્યું છે કે, આઈએસના આતંકવાદીઓ કેરળમાં હુમલા કરવા માટેની યોજના બનાવી રહ્યા છે. આવી સ્થિતિમાં શ્રીલંકામાં બનેલી ઘટના પછી માછીમારોના માલિકો અને દરિયામાં જતા લોકોને કોઈપણ પ્રકારની ગતિવિધિથી સાવચેત રહેવા માટે કહેવામાં આવ્યું છે.

સકંજો મજબૂત

● અનુસંધાન પહેલાનું ચાલુ

નોટિસ જારી કરી છે. એજન્સી દ્વારા સૂચના આપવામાં આવ્યા બાદ તમામ વિમાની મથકો અને ઇમિગ્રેશન અધિકારીઓને એલર્ટ કરી દેવામાં આવ્યા છે. ૨૫૦૦ કરોડ રૂપિયાના શારદા પોન્જી કૌભાંડમાં ૧૯૮૯ની બેંચના આઈપીએસ અધિકારી કુમારની કસ્ટડીમાં લઈને પુછપરછ કરવાની ઇચ્છા ધરાવે છે. આ મામલાની તપાસ સીબીઆઈને સોંપતા પહેલા પશ્ચિમ બંગાળ પોલીસની ખાસ ટુકડી તપાસ કરી રહી હતી. સીબીઆઈએ સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે, કુમારની કસ્ટડીમાં પુછપરછ જરૂરી બની ગઈ છે. કારણ કે, તેઓ તપાસમાં સહકાર કરી રહ્યા નથી. એજન્સી દ્વારા તેમને પુછપરછમાં રાખવામાં આવેલા સવાલો ઉપર યોગ્ય જવાબો આપ્યા નથી.

કાયદો અને કાનૂન

● ચોથા પાનાનું ચાલું

જગ્યાએથી અથવા ગુન્હેગારની અટકાયત થાય ત્યારે ગુન્હેગાર પાસેથી ગુન્હાને લગતી કોઈ ચિજવસ્તુ જપ્ત કરવામાં આવે અથવા તેની ઝડતી કરવામાં આવે ત્યારે લખવામાં આવે ઝડતી કે જપ્તી ફરીયાદી આરોપી કે અન્ય કોઈપણ વ્યક્તિની કરી શકાય છે. એક કરતા વધુ જપ્તી કે પંચનામુ હોઈ શકે છે. કોઈ વ્યક્તિને તલવાર મારી ઈજા કરવામાં આવે તો ઈજા પામનાર વ્યક્તિ પાસેથી તલવારની જપ્તી અને ગુન્હામાં વપરાયેલ અન્ય ચિજવસ્તુની જપ્તી પંચો રૂબરૂ તલવારનું પંચનામું અને એવી જ રીતે કોઈ સાક્ષી કે ફરીયાદી ગુન્હાને સબંધીત કોઈ વસ્તુ રજુ કરતો હોય તો તેને પણ જપ્તી પંચનામું લખવાનું રહે છે. ડિસ્કવરી / નિવેદન પંચનામું : સામાન્ય રીતે પુરાવાના કાયદા પ્રક્રિયા પોલીસ સમક્ષ કરેલી કોઈપણ કાર્યવાહી કોર્ટમાં પુરાવા તરીકે માન્ય ગણવામાં આવતી નથી પણ પુરાવા કાયદાની કલમ ૨૭ મુજબ કોઈ અપરાધનું કરવામાં આવે ત્યાર ધરપકડ સમયે તે વ્યક્તિની શારિર સ્થિતિ જેમા કોઈ ઈજા થઈ હોય અને તેનો ઉલ્લેખ શરિર ઉપર નિશાનો અને તેની સાથે કોઈ ચિજવસ્તુ કે મોબાઈલ હોય તે વગેરે જપ્ત કરવા માટે આ પંચનામું કરવામાં આવે છે.

અતિતની આજ

● ચોથા પાનાનું ચાલું

પ્રયત્નો ચાલુ રાખ્યા છે. આ ગુજરાત મોડેલનો અમલ અન્ય રાજ્યોમાં કરીને મોદી-શાહે સત્તાપ્રભાવ વિસ્તાર્યો પણ સાથે જ ભાજપને કૉંગ્રેસયુક્ત કરી મૂકી છે. હજુ આ દિશાના પ્રયાસો ચાલુ રહેશે. સર્વપ્રથમ તો મધ્યપ્રદેશની હજુ છ મહિના પહેલાં જ સત્તારૂઢ થયેલી કૉંગ્રેસના કમલનાથની સરકારને ગબડાવવામાં આવેતથા ત્યાં ભાજપી સરકાર સ્થપાય. પછી કર્ણાટકની જનતા દળ (સેક્યુલર) અને કૉંગ્રેસની સરકારને ભાજપમાં ફેરવી નાખવાની કવાયત હાથ ધરાય તેવી શક્યતા છે. કૉંગ્રેસમાં રાહુલ ગાંધી નેતાગીરી પૂરી પાડવામાં નિષ્ફળ ગયાનું ગાણું ગાતા તેના સાંસદો પણ ભાજપનો માર્ગ પકડે કે ભાજપના મિત્ર પક્ષ બની રહે એવી શક્યતા વધુ છે. એ પછી રાજસ્થાનની અશોક ગેહલોત સરકારનો વારો કાઢવામાં આવે તો બહુ આશ્ચર્ય થશે નહીં.તાજેતરમાં જે વિધાનસભાઓની ચૂંટણી થઈ તેમાં આંધ્ર પ્રદેશમાં નર ચંદ્રબાબુ નાયડુની ટીડીપી સરકારને સ્થાને હવે વાયએસઆર કૉંગ્રેસના જગન રેડ્ડી મુખ્યમંત્રી બનતાં કેન્દ્ર સરકાર સાથે સુમેળ સાધીને કામ કરશે. તેલંગણના મુખ્ય મંત્રી કે.ચંદ્રશેખર રાવ તો મોદી સાથે સુમધુર સંબંધ ધરાવે જ છે. ઓડિશામાં છેલ્લા બે દાયકાથી મુખ્યમંત્રી રહેલા નવીન પટનાયક પણ વડાપ્રધાન મોદી સાથે શીંગડાં નહીં ભરાવે. મોદી-શાહ હવે મમતા બેનરજીની સરકારને વિદાય કરીને કોલકાતામાં ભાજપની સરકાર સ્થાપવાના એજન્ડા સાથે આગળ વધશે.ચેન્નાઈમાં હવે વિધાનસભાની ચૂંટણીમાં દ્રમુકના સુપ્રીમો એમ.કે.સ્ટાલિન કૉંગ્રેસ સાથે સંબંધ વિચ્છેદ કરીને ભાજપી મોરચામાં ભળી જાય તો બહુ આશ્ચર્ય નહીં થાય.અગાઉ દ્રમુક અને અન્નાદ્રમુક ભાજપી અને કૉંગ્રેસી મોરચામાં વારફરતાં રહ્યા જ છે.આવતા દિવસોમાં ભાજપની નેતાગીરી સાથે પ્રાદેશિક પક્ષો ટકરાય એવી શક્યતા હવે ઓછી થતી જાય છે.કારણ, મોદી-શાહ સામે ટકરાવું એટલે પતી જવું, એવો રાજકીય માહોલ દેશભરમાં નવી રાજકીય હવા સર્જાશે.

ગુજરાતમાં નવાજૂની અપેક્ષિત

આગામી દિવસોમાં ગુજરાતમાંથી રાજ્યસભાની ખાલી પડનારી બેઠકો પર દિલ્હી જવા માટે ઉત્સુકોની મોટી કતાર છે. છ વર્ષની મુદત પૂરી થતાં નિયમિત નિવૃત્ત થતા રાજ્યસભા સાંસદો ઉપરાંત ગાંધીનગરના લોકસભાના સાંસદ શાહ અને અમેઠીનાં લોકસભા સાંસદ સ્મૃતિ ઈરાનીની બેઠક ખાલી પડશે.સાથે જ બનાસકાંઠા લોકસભા બેઠક જીતેલા પરબતભાઈ પટેલની ધારાસભાની બેઠક પરથી શંકર ચૌધરી વિધાનસભાની પેટા ચૂંટણી લડીને ગુજરાતમાં કૅબિનેટ પ્રધાન થવાની શક્યતા ઉજ્જવળ છે.ચૂંટણી ટાણે શંકરભાઈના તાલે ભાજપને લાભ થાય એ રીતે કામ કરનાર રાધનપુરના કૉંગ્રેસી ધારાસભ્ય અલ્પેશ ઠાકોરનો ભાજપમાં વિધિવત પ્રવેશ થાય અને એમને ધારાસભા લડાવવામાં આવે તો મંત્રી મંડળમાં અને જો ના લડાવાય તો કેન્દ્રમાં પછાત વર્ગના નિગમમાં અધ્યક્ષપદ આપીને સરપાવ અપાય. સાથે જ અલ્પેશના બે નિષ્ઠાવંત ધારાસભ્યોમાં બાયડના ધવલસિંહ ઝાલા અને બહુચરાજીના ભરતજી ઠાકોર ભાજપમાં સામેલ થાય કે વધુ કૉંગ્રેસી ધારાસભ્યો ભગવો ધારણ કરીને સત્તા સાથે પોતાને જોડવાનું પસંદ કરશે, એ ભણી સૌની મીટ છે.

haridesai@gmail.com